# પ્રકરણ–૧૪
## (નિયમ સંગ્રહ–૧૩)

## આપેલ રાહતો , પરમીટ કે અધિકૃતિ મેળવનારની વિગતો

| ક્રમ | વિગત | કાર્યક્રમનું નામ | |
|---|---|---|---|
| | | બેન્કેબલ | એન.એસ.એફ.ડી.સી. |
| ૧ | પ્રકાર | રાષ્ટ્રીયકૃત બેંકો મારફત ધંધા/વેપાર/માટે મહત્તમ રૂા.૧.૦૦ લાખ (એક લાખ)અને ઉદ્યોગ સેવા માટે મહત્તમ રૂા.૨.૦૦ લાખની(બે લાખ)ની યુનિટ કોષ્ટની મર્યાદામાં ધિરાણ અપાવી વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦ ની સબસીડી ૫૦ % ના ધોરણે આપવામાં આવે છે. | વાહનની યોજના તથા માઈક્રોક્રેડિટ મહિલા સમૃધ્ધિ, નાના ધંધા વ્યવસાય અંગે સીધું ધિરાણ ઓછા વ્યાજના દરે કરવામાં આવે છે. |
| ૨ | ઉદ્દેશ | નાના પાયાના વ્યવસાયમાં સ્વરોજગારી અપાવી આર્થિક રીતે પગભર કરવાનો | વાહનની યોજના તથા માઈક્રોક્રેડિટ મહિલા સમૃધ્ધિ, નાના ધંધા વ્યવસાયો ધ્વારા સ્વરોજગાર આપવાનો |
| ૩ | નકકી કરેલ લક્ષ્યાંક | ૫,૦૦૦ | એન.એસ.એફ.ડી.સી.ને રજુ થયેલ યોજનામાં મંજુર થાય તે ટલા યુનિટ પ્રમાણે |
| ૪ | પાત્રતા | ૧. અરજદાર અનુસૂચિત જાતિના સભ્ય અને ગુજરાત રાજયના વતની હોવા જોઈએ.<br>૨. અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br>૩. અરજદાર આવક મર્યાદામાં આવવા જોઈએ.<br>૪. અરજદાર ધંધો કરવા શકિતમાન હોવા જોઈએ તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર ન હોવા જોઈએ.<br>૫. અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતા ન હોવા જોઈએ. | |
| ૫ | પાત્રતા માટેના માપદંડ | શહેરી વિસ્તાર માટે– રૂા.૧,૫૦,૦૦૦/–<br>ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/– | રૂા.૩,૦૦,૦૦૦/– |
| ૬ | પૂર્વ જરૂરીયાત | નિયત લોન અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે. ફોર્મ જિલ્લા કચેરીએથી ઉપલબ્ધ થાય છે. | જાહેરાત આવ્યેથી નિયત સમય મર્યાદા માં નિગમની વેબ સાઇટ પર ઓનલાઇન નિયત લોન અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે. |
| ૭ | લાભ મેળવવાની પધ્ધતિ | નિયત લોન અરજીફોર્મમાં અરજી મળેથી જરૂરી ચકાસણી કર્યા બાદ પાત્ર ઠરતાં રા.કૃત બેંકને ભલામણ સહ મોકલવા માં આવે છે. અને ધિરાણ ઉપલબ્ધ થયે નિગમની જિલ્લા કચેરી ખાતેથી સબસીડી ની દરખાસ્ત મળતાં ગ્રાન્ટ ઉપલબ્ધીને ધ્યાને રાખી સહાય લાભાર્થી ના ખાતામાં જમા આપવામાં આવે છે. | ઓન-લાઇન મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. પસંદગી પામેલ લાભાર્થી દ્વારા લોન એગ્રીમેન્ટ પૂરા થયેથી ધિરાણની રકમ ચૂકવવામાં આવે છે. |
| ૮ | સમય મર્યાદા | સતત ચાલુ વર્ષ દરમ્યાન સતત ચાલુ યોજના | જાહેરાત આપી સમય મર્યાદામાં અરજીઓ મંગાવવામાં આવે છે. |
| ૯ | અરજી ફી | અરજી ફી નથી | અરજી ફી નથી. |
| ૧૦ | અરજીનો નમૂનો | નિયત નમુના મુજબ<br>(બીડેલ છે) | ઓન-લાઇન અરજી કરવાની રહે છે. |
| ૧૧ | બિડાણની યાદી | આવક અને જાતિનો દાખલો, અનુભવનું પ્રમાણપત્ર, ભાવપત્રક,રેશનકાર્ડ ની નકલ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો | આવક અને જાતિનો દાખલો,અનુભવનું પ્રમાણપત્ર, ભાવપત્રક, તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો,જાહેરાતમાં દર્શાવ્યા મુજબ સબંધિત યોજના અન્વયે પ્રમાણપત્ર |
| ૧૨ | બિડાણનો નમૂનો | સબંધિત કચેરી ધ્વારા બહાર પાડવામાં આવતાં નમુના પ્રમાણે | સબંધિત કચેરી ધ્વારા બહાર પાડવામાં આવતાં નમુના પ્રમાણે |